ચાર બકારનું મારીને એકને ખેંચી ગયા

ગઢ ગામે ૩ વાઘ દેખાયાનો ગ્રામજનોનો દાવો

લુણાવાડાના ગઢ ગામ પાસેના જંગલ વિસ્તારમાં ત્રણ વાઘ દેખાયા હોવાનો ગ્રામજનોએ દાવો કરતા વન વિભાગ દોડતુ થઈ ગયું હતું.

મહીસાગર, મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ગઢ ગામ પાસે જંગલ વિસ્તારમાં તાજેતરમાં એક વાઘ હોવાની પુષ્ટિ ખુદ રાજય સરકાર અને વનવિભાગ દ્વારા કરાયા બાદ હવે ગઢ ગામ પંથકમાં ત્રણ વાઘ દેખાયા હોવાના સ્થાનિક ગ્રામજનોએ દાવો કર્યો હતો. જો કે, ગ્રામજનોના આ દાવાને પગલે થોડી ઉત્તેજના ફેલાઈ હતી પરંતુ તેમાં બહુ તથ્ય નહી હોવાનું વન્યપ્રેમી અને નિષ્ણાતો માની રહ્યા છે. કારણ કે, જો ત્રણ વાઘ હોય તો આટલા બધા દિવસ સુધી તે વાત છૂપી રહે નહી. વનવિભાગના અધિકારીઓએ ગ્રામજનોના દાવાને લઈ હવે વાઘની સંખ્યા અને તેના આંકનો લઈ ખરાઈની દિશામાં તપાસ તેજ બનાવી છે. લુણાવાડાના ગઢ ગામ પાસેના જંગલ વિસ્તારમાં ત્રણ વાઘ દેખાયા હોવાનો ગ્રામજનોએ દાવો કરતા વન વિભાગ દોડતુ થઈ ગયું હતું. ત્રણ વાઘે મળીને ચાર બકરાનું મારણ કર્યું હતું. જયારે એક બકરાને જંગલમાં ખેંચી ગયા હતા. ગઢ ગામનો એક માણસ ખેતરમાં બકરા ચરાવવા માટે ગયો હતો. તે સમયે ત્રણ વાઘે અચાનક જ બકરાઓ પર હુમલો કરી દીધો હતો. જેથી બકરા ચારનાર વ્યક્તિ ઝાડ પર ચડી ગયો હતો અને ગામ લોકોને ફોન કરીને બોલાવી લીધા હતા. બકરા ચરાવવા ગયેલા વ્યક્તિ પાસે કેમેરાવાળો મોબાઈલ ન હોવાથી તે ત્રણ વાઘનો ફોટો પાડી શક્યો ન હતો. એક મોટા વાઘની સાથે બે નાના વાઘ હોવાનો દાવો તેના દ્વારા કરવામાં આવ્યો હતો. જો કે, આ સમગ્ર મામલે આરએફઓ રોહિત પટેલે જણાવ્યું હતું કે, જંગલમાં ત્રણ વાઘ હોવાની શક્યતાને નકારી શકાય નહી. અલબત્ત, આ વાતની ખરાઈ કરવા માટે વનવિભાગ દ્વારા આ જંગલ વિસ્તારમાં ૧૦ નાઈટ વિઝન કેમેરા લગાવવાની કામગીરી શરૂ કરી દેવાઈ છે અને પેટ્રોલીંગ પણ વધુ સઘન બનાવી દેવાયું છે. વાઘની સંખ્યા અને આંકની સાથે સાથે તેની એકેએક મુવમેન્ટ-હરકત જાણવા અને કેમેરામાં કેદ કરવાના વનવિભાગના પ્રયાસો છે કે જેથી સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ શકે.

ટ્રક-ટ્રેક્ટર વચ્ચે અકસ્માતમાં બેનાં મોત નીપજ્યાં

બનાસકાંઠા, બનાસકાંઠામાં ટ્રક-ટ્રેક્ટર વચ્ચે અકસ્માતમાં થયો હતો. આ અકસ્માત એટલો ગમખ્વાર હતો કે, ટ્રેક્ટરના બે ફાડચા થઈ ગયા હતા. આ ઘટનામાં બે લોકોના કમકમાટીભર્યા મોત થયા હતા, જ્યારે બે લોકોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી, જેથી તેમણે તાત્કાલિક હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, મોડી સાંજે બનાસકાંઢાના થરાદ-સાચોર હાઈવે પર ટ્રક અને ટ્રેક્ટર વચ્ચે ભીષણ અકસ્માત થયો હતો. ટ્રકે ટ્રેક્ટરને એટલી હદે ટક્કર મારી હતી કે, સ્થળ પર જ ટ્રેક્ટરના બે ભાગ થઈ ગયા હતા. ટ્રેક્ટરના એકે એક પાર્ટસ અલગ અલગ થઈ ગયા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં બે લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે જ્યારે ટ્રેક્ટર ઉપર સવાર બે લોકોને ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત બે લોકોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઉપરાંત ઘટનાની જાણ થતાં જ પોલીસ સ્થળ ઉપર પહોંચીને આગળની કાર્યવાહી હાથધરી હતી.

સરકાર, વન વિભાગમાં બેઠકોનો દોર શરૂ

મહિસાગરના વન્ય વિસ્તારમાં વાઘ હોવાની બાબતને સમર્થન

સિંહ, વાઘ, દીપડા એમ ત્રણેય મોટા પ્રાણી ધરાવતું પ્રથમ રાજ્ય : વન વિભાગના ૨૦૦ જેટલા કર્મચારીઓએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું

અમદાવાદ, મહીસાગર જિલ્લાના વન્ય વિસ્તારમાં વાઘ હોવાની આખરે રાજય સરકાર અને વનવિભાગે પુષ્ટિ કરી છે. ગુજરાતમાં વાઘ મળી આવતાં ખુદ રાજય સરકાર, વન વિભાગના અધિકારીઓ સહિત વન્ય પ્રેમીઓમાં ભારે ખુશીની લાગણી છવાઈ ગઈ છે. જો કે, હવે આ વાઘના રક્ષણ અને તેની સલામતીની સૌથી મોટી અને મહત્વની જવાબદારી સરકાર અને વનવિભાગના શિરે આવી પડી છે. સરકાર અને વનવિભાગ દ્વારા અત્યારથી જ વાઘની સુરક્ષાને લઈ અગત્યના પગલા લેવાની શરૂઆત કરાઈ દેવાઈ છે. ખાસ કરીને તેના ખોરાક, હવા, પાણી અને વાતાવરણની અનુકૂળતા સહિતના બાબતોની ખાસ કાળજી લેવાઈ રહી છે. મહિસાગરના વન્ય વિસ્તારમાં વાઘ મળતાં હવે ગુજરાત સિંહ, વાઘ અને દીપડા એમ ત્રણેય મોટા પ્રાણી ધરાવતું પ્રથમ રાજ્ય બની ગયું છે. મહીસાગર જિલ્લાના જંગલમાં વાઘ હોવાની નાઈટ વિઝન કેમેરાના વીડિયો સાથે આજે ગોધરા વન વિભાગે પુષ્ટિ કરી હતી, ત્યારબાદ વન વિભાગના ૨૦૦ જેટલા કર્મચારીઓએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ગત રાત્રે જોવા મળેલો આ વાઘ સંતરામપુર-કડાણા વચ્ચે ૨૫ કિલો મીટરના સમગ્ર વિસ્તારમાં આંટા ફેરા મારી રહ્યો હોવાની વાત પણ સામે આવી છે.

આજે રાત્રે ફરીથી કેમેરા લગાવીને વન વિભાગ વાઘનું લોકેશન જાણવા પ્રયાસ કરશે. જે ગુફામાં આ વાઘ રહેતો હોવાનું મનાય છે ત્યાં સુધી પણ વનવિભાગના અધિકારીઓ પહોંચ્યા હતા. સમગ્ર ઘટના બાદ વન વિભાગ ફરીથી હરકતમાં આવ્યુ છે. ખાસ કરીને રાજયના વનમંત્રી ગણપત વસાવાએ ખુશી વ્યક્ત કરતા તાબડતોડ બેઠક બોલાવી હતી અને વાઘના અસ્તિત્વ, હવે તેના રક્ષણ અને સલામતી, તેના રહેવાની વ્યવસ્થા અને તેને જરૂરી વાતાવરણ અને હવા, ખોરાક, પાણી સહિતની સવલતો મળી રહે તે પ્રકારનું માળખુ ગોઠવવા સહિતના મુદ્દાઓ પરત્વે વનવિભાગના અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા હાથ ધરી હતી. ચર્ચાતો એવી પણ છે કે આખા વાઘ પરિવારે ડાંગમાં ધામા નાખ્યાં છે. તાજેતરમાં બોરિયા ગામની પ્રાથમિક શાળામાં નોકરી કરતા શિક્ષકે મહેશ મહેરાએ પોતાના કેમેરામાં વાઘનો ફોટો ક્લિક કર્યો હતો, જેના આધારે મહીસાગર જિલ્લાના લુણાવાડાના ગઢ ગામ પાસેના જંગલ વિસ્તારમાં આ વાઘ હોવાની વાત સામે આવી હતી. ત્યારબાદ ગોધરા વન વિભાગની ટીમના ૨૦૦ જેટલા કર્મચારીઓએ જંગલમાં વાઘ છે કે, નહીં તે જાણવા માટે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ગત રાત્રે દરમિયાન નાઈટ વિઝન કેમેરામાં આખરે વાઘ કેદ થયા બાદ આ વાઘ સંતરામપુર અને કડાણાના ૨૫ કિલોમીટરના વિસ્તારમાં ફરી રહ્યો હોવાનું સામે આવ્યું હતું. સમગ્ર મામલે વનમંત્રી ગણપત વસાવા અને વનવિભાગે જણાવ્યુ હતું કે, વાઘ મળ્યો એ ગુજરાત માટે ખૂબ આનંદની વાત છે આશરે ૭થી ૮ વર્ષનો વાઘ મહિસાગરમાં જોવા મળ્યો છે. ગુજરાતની આસપાસ મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્રમાં વાઘ છે. મધ્યપ્રદેશના ઉજજૈનની આસપાસથી વાઘ ગુમ થયાના મેસેજ હતા. વન વિભાગ ત્રણેય રાજ્યો સાથે ગુજરાત વન વિભાગ સંપર્ક કરશે, તો સાથે સાથે વાઘ માટે કામ કરતી સંસ્થાને અમે જાણ કરીશું. વાઘની સલામતી, રક્ષણ અને સાવચેતી માટે સ્થાનિકોને જાગૃત કરીશું. તેમણે ઉમેર્યું કે, આ વાઘને લઈને સમગ્ર જંગલ વિસ્તારમાં સર્વે કર્યા બાદ તેને કયાં રાખવો તે બાબતે નિર્ણય લેવાશે. ખાસ કરીને તેને અનુકૂળ વાતાવરણ અને મુકત જીવન મળી રહે તેની ખાસ કાળજી લેવાશે.

વણિકર ભવનના કબજાના વિવાદમાં હાઈકોર્ટમાં રિટ

અમદાવાદ, પાલડીની મહાલક્ષ્મી સોસાયટીમાં આવેલા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના કાર્યાલય વણિકર ભવનના કબ્જાના મુદ્દે વિશ્વ હિન્દુ પરિષદ(વીએચપી) દ્વારા ગેરકાયદે રીતે ભવનના પચાવી પડાયેલા કબ્જાના વિવાદમાં આખરે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ(એએચપી) તરફથી ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવવામાં આવ્યા છે. જેની સુનાવણીમાં જસ્ટિસ સોનિયાબહેન ગોકાણીએ રાજય સરકાર, રાજયના પોલીસ વડા, ગૃહવિભાગ, શહેર પોલીસ કમિશનર સહિતના સત્તાવાળાઓ વિરૂધ્ધ કારણદર્શક નોટિસો જારી કરી છે અને કેસની વધુ સુનાવણી બે સપ્તાહ બાદ મુકરર કરી છે. એએચપી તરફથી કરાયેલી પટિશનને લઈને હવે આ સમગ્ર વિવાદમાં વધુ એક કાનૂની પ્રકરણ ઉમેરાયું છે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તરફથી કરાયેલી રિટ અરજીમાં એ મતલબના મહત્વના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા કે, વર્ષોથી પાલડીના વણિકર ભવન ટ્રસ્ટનો કબ્જો તેમની પાસે છે અને આ અંગે ખુદ નીચલી કોર્ટના હુકમો અને કોર્ટ કમીશનની પ્રોસીડિંગ્સ પણ થયેલી છે તેમછતાં તાજેતરમાં વિશ્વ હિન્દુ પરિષદના લોકો દ્વારા રાજકીય ઈશારે ગેરકાયદે રીતે તેમના અધિકારક્ષેત્રવાળા ભવનમાં ગેરકાયદે રીતે પોલીસની મદદથી પ્રવેશી કબ્જો લઈ લેવાયો હતો. એટલું જ નહી, તેઓની વિરૂધ્ધના પોસ્ટર્સ પણ લગાવી દેવાયા હતા. વીએચપીના કાર્યકરોએ પોલીસની મદદથી ડો.પ્રવીણ તોગડિયાનો સામાન પણ બહાર ફેંકી દીધો હતો અને એએચપીના કાર્યકરોને ધક્કા મારી હાંકી કઢાયા હતા. આ સમગ્ર મામલામાં પોલીસ પણ નિષ્પક્ષ કાર્યવાહી કરવાના બદલે રાજકીય દબાણ હેઠળ સરકારના ઈશારે ભેદભાવભરી અને પક્ષપાતી કાર્યવાહી કરી રહી છે. અરજદારપક્ષ તરફથી હાઈકોર્ટે તેઓને વણિકર ભવનનો કબ્જો પુનઃ અપાવવા દાદ માંગવામાં આવી હતી. કેસની રજૂઆત ધ્યાને લીધા બાદ હાઈકોર્ટે સરકાર સહિતના સંબંધિત પક્ષકારોને નોટિસ જારી કરી કેસની વધુ સુનાવણી બે સપ્તાહ બાદ રાખી હતી. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ પાલડીના વણિકર ભવનના કબ્જાને લઈ વીએચપી-એએચપીના કાર્યકરો સામ સામે આવી ગયા હતા અને એક તબક્કે બંને સંસ્થાના કાર્યકરો અને આગેવાનો વચ્ચે ઝપાઝપી થતાં વાતાવરણ ગરમાયું હતું. વણિકર ભવનના કબ્જાને લઈ વીએચપી અને એએચપીના કાર્યકરો અને આગેવાનો પોતપોતાના દાવા કર્યા હતા. અંતે આજે એએચપી તરફથી હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી દેવાઈ હતી.

સિરિયલ કિલરને લઈને પોલીસ એક્શનમાં, જાહેર કર્યું ઈનામ

અમદાવાદ,ગાંધીનગરની હદમાં થયેલી ત્રણ હત્યાઓનો ભેદ હજી સુધી ઉકેલવામાં પોલીસ નિષ્ફળ સાબિત થઈ છે, પરંતુ હત્યારો વ્યંડળ હોવાની શંકા મજબૂત થતા પોલીસ દિવસ રાત એક કરીને તેના પાછળ લાગી ગઈ હોય તેવું દેખાઈ રહ્યું છે. હાલ પોલીસે જાહેરાત કરી છે કે, સિરિયલ કિલરની જે કોઈ પણ વ્યક્તિ માહિતી આપશે તેને ઈનામ આપવામાં આવશે.

પોલીસ તંત્રએ હત્યારા વ્યંડળના ફોટા અને વાહનના પોલીસે પોસ્ટર બહાર પાડયા છે. આ સિવાય જો કોઈને પણ હત્યારા વિશે પોલીસને જાણ કરવા માટે (૭૬૨૧૦૦૨૩૧૧) એક નંબર જાહેર કર્યો છે, જાણ કરનારને પોલીસ યોગ્ય ઈનામ આપવાની જાહેરાત પણ કરવામાં આવી છે.

એમ.એલ.એ અને તેમના પરિવારજનોને સારવાર માટે સરકાર ૧૫ લાખ આપશે

અમદાવાદ, ગુજરાત સરકારે ૨૦૧૮ની વિધાનસભામાં ધારાસભ્યોના પગાર બમણો કરી દીધો હતા ચુંટાયેલા પ્રતિનિધિઓ આમ તો લોકોની સેવા માટે હોય છે પરંતુ વાસ્તવિક્તા એ છે કે આવા કહેવાતા પ્રતિનિધિઓ લોકોના ટેક્સના પૈસાથી તમામ પ્રકારની સુવિધાઓ ભોગવી રહ્યા છે. સરકાર તરફથી દર મહિને પોણા બે લાખનો પગાર ઉપરાંત પેટ્રોલ તથા ટ્રાવેલ્સ બિલ મોબાઈલના બીલ વગેરે જેવા અનેક ખર્ચા સરકાર આપતી હોય છે. બીજી બાજુ ધારાસભ્યો અને પૂર્વ ધારાસભ્ય તથા તેમના પરિવારજનો જો બીમાર પડે તો તેઓને ખાનગી હોસ્પિટલોમાં સારવાર કરવા માટે સરકાર ચોક્કસ રકમ પણ આપતી હોય છે. તાજેતરમાં જ ધારાસભ્યો દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે સારવાર માટેની આરોગ્યની આ પોલીસીમાં કેટલાક સુધારા વધારા થવા જોઈએ આથી સરકારે આ રજૂઆતને ધ્યાનમાં રાખીને ૨૦૧૬માં જાહેર થયેલી ધારાસભ્ય તથા ધારાસભ્યોના સારવાર માટેની આરોગ્ય નીતિમાં સુધારો કર્યો છે. જે સંદર્ભે વિભાગે એક પરિપત્ર પરિપત્ર બહાર પાડ્યો છે. જે મુજબ ૧૫ લાખ સુધીની તબીબી સારવારનો તમામ ખર્ચ સરકાર ભોગવશે. જો સારવારનો ખર્ચ ૧૫ લાખથી વધુ થશે તો તેવા કિસ્સામાં તે માટેની મંજૂરી મુખ્યમંત્રી સમક્ષ લેવાની રહેશે.

રજુઆત કરવા ગયેલા ભાજપા કાર્યકર્તાની અટકાયત

એક શ્રમિકે દોઢ વર્ષની બાળકીનુ અપહરણ કરી તેની પર દુષ્કર્મ આચર્યું હતું.

ગાંધીનગર, સાબરકાંઠા જિલ્લાનાં હિમતનગર તાલુકાના ઢુંઢર ગામની સીમમાં આવેલ ફેકટરીના એક શ્રમિકે દોઢ વર્ષની બાળકીનુ અપહરણ કરી તેની પર દુષ્કર્મ આચર્યું હતું. જેના કારણે આખા રાજ્યમાં રોષની લાગણી વ્યાપી હતી. આ કેસમાં ત્રણ મહિના ઉપરાંતનો સમય વીત્યો હોવા છતાં રાજય સરકાર દ્વારા કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં નથી આવી રહી. ત્યારે બુધવારે ઠાકોર સમાજનાં અગ્રણી, ભાજપનાં નેતા ચેતન ઠાકોર અને બાળકીનાં પરિવારજનોએ રાજય સરકારને રજુઆત કરવા પહોંચ્યા હતાં. જ્યાં ઠાકોર સમાજના અગ્રણી, પરિવારજનો અને ચેતન ઠાકોરની અટકાયત કરી લેવામાં આવી. જ્યારે આ લોકો રાજ્ય સરકારને રજૂઆત કરે તે પહોલા જ આ બધા લોકોની અટકાત કરી લેવામાં આવી છે. અટકાયત પહેલા આ લોકો અને તંત્રની સામસામે બોલાચાલી પણ થઈ હતી. મહત્વનું છે કે ભાજપના યુવા નેતા ચેતન ઠાકોરે ગઈકાલે પીડિત પરિવારના ન્યાય માટે સાબરકાંઠા જિલ્લા કલેકટરને વિગતવાર આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. બુધવારે ચેતન ઠાકોર પીડિત પરિવાર સહિતના લોકોને લઈ રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીને મળવા જવાનાં હતાં. રાજયનાં સીએમને પીડિત પરિવારને આપવાની માંગણી સાથે આવેદનપત્ર સુપ્રત કરવાનાં હતાં અને ફાસ્ટટ્રેક કોર્ટ જલ્દી રચવામાં આવે તેવી પણ માંગણી કરવાનાં હતાં. મહત્વનું છે કે ગત સપ્ટેમ્બર મહિનામાં સાબરકાંઠાના ઢુંઢર ગામે બિહારના પરપ્રાંતીય શખ્સે માત્ર ૧૪ માસની બાળકીને દુષ્કર્મનો ભોગ બનાવી હતી. જેના રાજયભરમાં ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. જે પછી અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા સહિતના અનેક જિલ્લાઓમાં પરપ્રાંતીયો પર સંખ્યાબંધ હુમલાઓ થયા હતા. રાજયભરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સામે ગંભીર સવાલો ઉભા થતાં સરકારે મોટી જાહેરાતો કરી હતી.

રૈયા ચોકડી ઓવરબ્રિજનું ૨૪ ફેબ્રુ.એ લોકાર્પણ

રાજકોટ,રાજકોટમાં ૩ વર્ષ પહેલા ૬૦ કરોડના ખર્ચે ધમધમતા બીઆરટીએસ રૂટ પર એટલે કે દોઢસો ફૂટ રીંગ રોડ ઉપર મોવડી ચોકડી અને રૈયા ચોકડી પર ૨ ફલાયઓવરનું કામ મહા પાલિકા દ્વારા રાજય સરકારના આર્થિક સહયોગથી હાથ ધરાયું હતું.

લાંબા સમય સુધી આ કામમા વિલંબ થતા લોકો ટ્રાફિકના પ્રશ્નો ત્રાહિમામ પોકારી ગયા હતા પરંતુ હવે લોકસભાની ચૂંટણી આચાર સહિતા નજીક આવી રહી છે ત્યારે આ બે પૈકી રૈયા ચોકડી પરના ફલાયઓવરનુ કામ પૂર્ણ થયું છે અને આગામી તારીખ ૨૪ ફેબ્રુઆરી જાહેર જનતા માટે આ બ્રિજ ખુલ્લો મુકાશે અને મુખ્યમંત્રીના હસ્તે ઉદ્ઘાટન થશે. તેમ બુધવારે શહેર ભાજપ પ્રમુખે જણાવ્યું છે.

ઉલ્લેખનીય છે કે આ સાથે મવડી ચોકડીનું કામ પણ મંજૂર કરાયું હતું પરંતુ આ કામ હજુ પણ બાકી છે અને દોઢ માસનો સમય લાગે તેમ છે અને ત્યાં સુધીમાં આચાર સંહિતા અમલી થાય તેમ છે તેથી મવડી ચોકડી બ્રિજ લોકસભા ચૂંટણી પછી ખુલ્લો મુકાય તેવા અણસાર મળે છે.

જસ્ટિસ પરેશ ઉપાધ્યાય દ્વારા ચુડાસમાની ટિકા

સુપ્રીમમાં એફિડેવિટને લઈ હાઈકોર્ટ જજ ભારે નારાજ

અમદાવાદ, રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સુપ્રીમ કોર્ટમાં કરેલી એફિડેવિટને લઈ હાઈકોર્ટના જજ પરેશ ઉપાધ્યાય ભારે નારાજ થયા છે. જસ્ટિસ પરેશ ઉપાધ્યાયે શિક્ષણમંત્રી ચુડાસમાના વલણથી નારાજ થતાં તીખી આલોચના કરતાં જણાવ્યું કે, હું પાર્લામેન્ટ સામે મહાભિયોગનો સામનો કરવામાં ઓછો અપમાનિત થઈશ. પરંતુ જો કોઈ એવો આક્ષેપ કરે કે, કોર્ટ કોઈની પાછળ કામ કરે છે તો તે ચલાવી લેવાશે નહી. જસ્ટિસ પરેશ ઉપાધ્યાયે ભૂપેન્દ્રસિંહના વકીલ ચિત્રજીત ઉપાધ્યાયને કહ્યું કે, શું તમે ચીફ જસ્ટિસને રજૂઆત કરીને આ મેટર અન્ય બેન્ચ સમક્ષ મુકવા રજૂઆત કરવા માંગો છો? આ કોર્ટમાં પુરી પારદર્શિતાથી કાર્યવાહી થાય છે. તેની બધાને ખબર છે, મારે કોઈના સર્ટિફિકેટની જરૂર નથી, નક્કી કરી લો. હું આ મેટરને નોટ બિફોર મી નહી કરું. હાઈકોર્ટ જજના આકરા મિજાજને પગલે ગુજરાતના ન્યાયતંત્રમાં, સરકારમાં અને વકીલઆલમમાં જબરદસ્ત પ્રત્યાઘાત પડયા છે. હાઈકોર્ટ જજની તીખી ટિપ્પણીઓને લઈ ભારે ચકચાર મચી ગઈ છે અને ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિધાનસભા ચૂંટણીમાં મેળવેલી જીતનો કેસ ફરી એકવાર વિવાદમાં આવ્યો છે. વિધાનસભા ચૂંટણીમાં ધોળકા બેઠક પરથી ભૂપેન્દ્રસિંહની ૩૨૭ મતે જીત થઈ હતી. ત્યારબાદ તેની સામે લડેલા કોંગ્રેસના ઉમેદવાર અશ્વિન રાઠોડે તેમની જીતને હાઈકોર્ટમાં પડકારી હતી. અશ્વિન રાઠોડે દાવો કર્યો હતો કે, મત ગણતરીમાં કરાયેલી અનિયમિતતાને કારણે જ ભૂપેન્દ્રસિંહ જીત્યા છે. પોતાની અરજીમાં રાઠોડે કહ્યું હતું કે, પોસ્ટલ બેલેટ પેપર દ્વારા કરવામાં આવેલા ૪૨૯ મતોને રિટર્નીંગ ઓફિસરે ગેરકાયદે રીતે ફગાવી દીધા હતા. જેના કારણે ચુડાસમા જીત્યા છે, અન્યથા તેઓ હારી જાત. દરમ્યાન હાઈકોર્ટમાંથી યોગ્ય રાહત નહી મળતાં ચુડાસમાએ સુપ્રીમકોર્ટમાં ધા નાંખી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જીવનથી પ્રેરિત ફિલ્મ

'હું નરેન્દ્ર મોદી બનવા માંગુ છું' ૧ માર્ચે રિલિઝ થવા સજ્જ

A Anil Naryani Film
હું નરેન્દ્ર
મોદી
KAVYA

અમદાવાદ, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાનપણમાં ઘણા પડકારો અને મૂશ્કેલીઓનો સામનો કરીને સખત મહેનત અને દ્રઢ સંકલ્પ સાથે નવી ઉંચાઈઓ હાંસલ કરી છે. તેમના સંઘર્ષોમાંથી પ્રેરણા લઈને ગુજરાતના ૧૨ વર્ષનો એક બાળક નરેન્દ્ર મોદી બનવાનું સપનું જોવે છે.

'હું નરેન્દ્ર મોદી બનવા માંગુ છું' ફિલ્મ મ્યુનિસિપલ શાળામાં અભ્યાસ કરતાં ૧૨ વર્ષના એક નાના બાળકની પ્રેરણાદાયક વાર્તા છે, જે અસંભવ સપનાને હકીકતમાં તબદીલ કરવાનો પ્રયાસ કરે છે. ગરીબી અને અભાવમાં રહેવા છતાં પણ આ બાળક ખુશ છે અને દરેક સ્થિતિનો પ્રસન્નતાપૂર્વક સામનો કરે છે. શાળામાં અભ્યાસ કર્યા બાદ તે ચા વેચે છે અને તેની બહેન પણ આ બાળકને જીવનમાં આગળ વધવા સહયોગ અને પ્રોત્સાહન આપે છે. સખત મહેનત, જુસ્સા અને દ્રઢ નિશ્ચય દ્વારા કોઈપણ વ્યક્તિ જીવનમાં સફળ બનવાના સપના જોઈને તેને સાકાર કરી શકે છે, તે આ ફિલ્મમાં ખુબજ સુંદર રીતે દર્શાવવામાં આવ્યું છે.

શ્રીઅર્થ પ્રોડક્શન અને કાવ્યા મૂવિઝ પ્રોડક્શન પ્રાઈવેટ લિમિટેડ તથા પ્રોડ્યુસર પવન પોદ્દાર અને તાન્યા શર્માની ફિલ્મ 'હું નરેન્દ્ર મોદી બનવા માંગુ છું', જેની વાર્તા એક બાળકની આસપાસ ફરે છે. બાળક ચા વેચે છે અને મોટો થઈને નરેન્દ્ર મોદી બનવા માંગે છે.આ ફિલ્મ ૧લી માર્ચના રોજ રિલીઝ થશે. માત્ર ૪૫ દિવસમાં જ ફિલ્મનું શુટિંગ અમદાવાદ, વડોદરા, વડનગર સહિતના સ્થળોએ કરવામાં આવ્યું છે. (૨૦-૪)

રેલવે પોલીસે મુસાફરોના ચોરાયેલ મોબાઈલને ટ્રેસ કરી પરત કર્યા

વડોદરા, ટ્રેનોમાં ચોરીના બનાવો નવા નથી. મુસાફરોની બેગથી લઈને મોબાઈલ સુધીની અનેક વસ્તુઓની ચોરી થતી રહે છે. પરંતુ મુસાફરોના ચોરાયેલા મોબાઈલ મામલે વડોદરા રેલવે પોલીસે મોટી કામગીરી કરી છે. જેમાં રેલવે પોલીસે ત્રણ મહિનાના ગાળામાં જ ૩૫૦થી વધુ મોબાઈલને ટ્રેસ કરીને મુસાફરોને પરત કર્યા હતા. વડોદરા રેલવે પોલીસે રાજયના વિવિધ રેલવે પોલીસ સ્ટેશન વિસ્તારો અને ટ્રેનોમાંથી ચોરી થતાં કે ગુમ થતા મોબાઈલને શોધવા છેલ્લા ત્રણ માસથી ડ્રાઈવ શરૂ કરી હતી. આ ડ્રાઈવમાં ૨૫થી વધુ ટીમો બનાવી રેલવે પોલીસે મોબાઈલ શોધવા માટે કાર્યવાહી કરી હતી.

નારી સંરક્ષણગૃહમાં યુવતીએ ગળાફાંસો ખાતા ચકચાર મચી

સુરત, સુરતમાં નારી સંરક્ષણ ગૃહમાં ૨૩ વર્ષીય યુવતીએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આ ઘટનાની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. ઘટનાની ગંભીરતાને જોતા વધુ તપાસ હાથ ધરી છે. પોલીસને પ્રાથમિક તારણમાં યુવતીની આત્મહત્યા પાછળ પ્રેમ પ્રકરણ જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે. આ ઘટના અંગે મળતી માહિતી અનુસાર, સુરતમાં નારી સંરક્ષણ ગૃહમાં એક ૨૩ વર્ષીય યુવતીએ ગૃહમાંજ ગળેફાંસો ખાધો હતો. આત્મહત્યા કરનાર યુવતીનું નામ અંકિતા હતું. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે, આત્મહત્યા કરનાર યુવતી અહીં ૨ દિવસ પહેલા જ અહીં આવી હતી, અને તેને આજે અચાનક ગળેફાંસો ખાઈ લેતા ગૃહમાં રહેલી બાકી યુવતીઓમાં ભયનો માહોલ ફેલાયેલો છે.ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો પહોંચ્યો હતો અને ઘટનાની વધુ તપાસ કરી રહી છે. પોલીસને પ્રાથમિક તારણમાં પ્રેમપ્રકરણ જવાબદાર હોય તેવું લાગી રહ્યું છે. બીજી બાજુ સુરત નારી સંરક્ષણ ગૃહના સત્તાધીશો આ ઘટના વિશે કોઈ ચોક્કસ માહિતી આપી શક્યા નથી. પોલીસે યુવતી વિશે વધુ તપાસ કરીતો જાણવા મળ્યું કે, ૨૩ વર્ષીય અંકિતાને ભાવેશ બાલુ ધનજી ગોહિલ સાથે પ્રેમ સંબંધ હતા, જેના કારણે તે ૨૧ વર્ષની ઉંમરમાં જ ભાગી ગઈ હતી. ઘટનાને પગલે અંકિતાના પિતાએ કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ પોલીસે બન્ને પ્રેમી પંખીડાઓને ઝડપી લીધા હતા, અને અંકિતાને નારી સંરક્ષણ ગૃહમાં મોકલી હતી.

મહેસાણામાં એસટી કર્મચારીઓ વિભાગીય કચેરી ખાતે ધરણાં કરશે

મહેસાણા, એસ.ટી.નિગમમાં ફરજ બજાવતાં કર્મચારીઓના પડતર પ્રશ્નો બાબતે સંકલન સમિતી દ્વારા નિગમના વહીવટી વડા તેમજ વાહન વ્યવહાર મંત્રીઓને પણ વારંવાર લેખીત તેમજ મૌખિક રજુઆતો કરવા છતાં પડતર પ્રશ્નનો આજ દિન સુધી કોઈ જ ન્યાયિક નિરાકણ આવેલ નથી. આથી એસ.ટી કર્મચારીઓમાં ભારે રોષ લાગણી ફેલાઈ છે. ત્યારે બુધવારના રાજકોટ ખાતે તમામ સંગઠનોના હોદેદારોની મળેલ મિટીંગમાં વિવધ મુદે ચર્ચા કરવામાં આવી આગામી ૧૮-૧૯ ફેબ્રઆરીના નિયામક કચેરીઓ ખાતે ધરણાં કરવા આવશે. તે છતાં પ્રશ્નોનો નિકાલ નહી આવેતો ૨૦ મીએ માસ સીએલ પર તમામ કર્મચારીઓ જશે. ગત ઓગષ્ટ મહિનમાં એસ.ટી કર્મચારીઓ ગાંધી ચિંધ્યા માર્ગ આદોલન શરુ કર્યું હતું. જેને લઈ તંત્ર દ્વારા સત્વરે માંગણીઓ ઉકેલ લાવવા આશ્વાસન આપવામાં આવ્યું હતુ. પરંન્તું બે મહિના જેટલો સમય વિતવા છતાં એસ.ટી કર્મચારીઓ પ્રશ્નોનો નિકાલ નહી આવતા ફરીથી ૫ ફેબ્રુઆરીએ ગાંધી ચિંધ્યા માર્ગ આંદોલન છેડવાની ચિમકી કર્મચારીઓ અને સંગઠનના આગેવાનો એ ઉચ્ચારી હતી.

પરંતુ તંત્ર દ્વાર કોર્ટ ઓફ કન્ટેમ લાવતા કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો હતો. જયારે મહેસાણાના વિભાગના ત્રણે માન્ય સંગઠનોના સંકલ સમતીના હોદેદારો બાબુભાઈ ચૌધરી મજુર મહાજન, કેતનભાઈ ભટ્ટ બી.એમ.એસ. અને જનરલ સેકેટરી કર્મચારી મંડળ મહેસાણાના શિવરામભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે તારીખ ૧૩ ફેબ્રુઆરીના રોજ રાજકોટ ખાતે ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમનાં કોર્પોરેશન માન્ય ત્રણે સંગઠનોના હોદેદારોની એક મિટીંગ મળી હતી. જેમાં એસ.ટી કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ તાત્કાલિક અમલ કરી લાભ આપવા, ફિક્સ પગારના કર્મચારીઓને સરકારી ધારાધોરણ મુજબ તમામ નાણાંકીય લાભો અને સવલતો આપવા, આશ્રિતોને ભરતી કરવા, બદલી જેવા વિવિધ પ્રશ્નોનો નિકાલ કરવા, કમિટીની રચના કરવા સાથે હકારાત્મક નિર્ણય સાથે પ્રશ્નો નિકાલ લાવવાની માંગણીઓની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં આગામી ૧૮ અને ૧૯ ફેબ્રુઆરીના રોજ દરેક વિભાગીય કચેરી ખાતે ધરણાંનો કાર્યક્રમ યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

શ્રદ્ધાંજલી
પુલવામા માં થયેલ આતંકી હુમલામાં શહિદ થયેલ વીર જવાનોને હૃદય-પૂર્વક શ્રદ્ધાંજલિ અને તેમની વીરતાને સત્ સત્ નમન

કાશ્મીરમાં સીઆરપીએફ જવાનોના કાફલા પર હુમલો કરવાં આવ્યા બાદ શહીદ જવાનોને દરિયાપુર દરવાજા પાસે વેપારીઓએ શ્રદ્ધાંજલિ આપી હતી. અને કારોબાર બંધ રાખ્યા હતા.

ડિફોલ્ટર્સની મિલકતો સીલ કરાતાં ફફડાટ

પશ્ચિમ ઝોનમાં ૧૩ દિનમાં ૨,૪૫૭ મિલકતોને તાળા

પ્રોપર્ટી ટેક્સની વસૂલાતના મામલે આકરું વલણ અપનાવ્યું : શિલિંગ ઝુંબેશથી મ્યુનિસિપલ તિજોરીને ૩૮.૨૫ કરોડની આવક

અમદાવાદ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્સ વિભાગ દ્વારા માર્ચ એન્ડિંગના કારણે પ્રોપર્ટી ટેક્સના ડિફોલ્ટરો સામે કડક હાથે સીલિંગ ઝુંબેશ શરૂ કરાઈ છે. ચાલુ મહિનાના બાર દિવસમાં માત્ર પશ્ચિમ ઝોનમાં ૨૪૫૭ મિલકતને તંત્રએ તાળાં લગાવતાં ડિફોલ્ટર્સમાં દોડધામ મચી ગઇ છે. ખાસ કરીને પ્રોપર્ટી ટેક્સની બાકીદાર લોબીમાં જબરદસ્ત ફફડાટની લાગણી ફેલાઇ ગઇ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સત્તાવાળાઓ દ્વારા પ્રોપર્ટી ટેક્સની વસૂલાતને લઇ સીલીંગ ઝુંબેશનું આકરું વલણ અપનાવાયું છે. બાકી પ્રોપર્ટી ટેક્સ વસૂલાત ઝુંબેશ હેઠળ ટેક્સ વિભાગ દ્વારા રૂ. ૫૦,૦૦૦થી વધુના ટેક્સના ડિફોલ્ટર્સ સામે ગત તા. ૧ ફેબ્રુઆરીથી મોટાપાયે સીલિંગ ઝુંબેશનો પ્રારંભ કરાયો છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં પ્રોપર્ટી ટેક્સમાં રૂ. ૯૦૦ કરોડનો સુધારિત લક્ષ્યાંક રખાયો હોઈ ગત તા. ૧૨ ફેબ્રુઆરી સુધીમાં તંત્રને રૂ. ૭૧૦ કરોડની આવક થઈ છે. શહેરના સૌથી સમૃદ્ધ ગણાતા પશ્ચિમ ઝોનમાં ટેક્સ વિભાગ દ્વારા સૌથી વધુ ૨૪૫૭ મિલકતને સીલ કરાઈ છે, જ્યારે દક્ષિણ ઝોનમાં ૧૮૯૪, ઉત્તર ઝોનમાં ૧૨૯૨, ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૧૧૪૩, મધ્ય ઝોનમાં ૧૧૨૫, દક્ષિણ પશ્ચિમ ઝોનમાં ૫૯૯ અને પૂર્વ ઝોનમાં ૪૮૭ મળીને ગત તા. ૧થી ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૯ સુધીમાં કુલ ૮૯૯૭ મિલકતને સીલ કરાઈ છે, જ્યારે મ્યુનિસિપલ તિજોરીમાં સીલિંગ ઝુંબેશથી રૂ. ૩૮.૨૫ કરોડ ઠલવાયા છે. જો કે, અમ્યુકો સત્તાવાળાઓ હજુ પણ આગામી દિવસોમાં પ્રોપર્ટી ટેક્સની વસૂલાત અને સીલીંગ ઝુંબેશની આકરી કાર્યવાહીને લઇ મક્કમ છે, જેને લઇ બાકીદાર ડિફોલ્ટર્સમાં ભારે ફફડાટની લાગણી ફેલાઇ ગઇ છે.

એક અભ્યાસ કહે છે કે ઇ-સિગરેટ ધુમ્રપાન છોડાવવામાં અસરકારક છે

અમદાવાદઃ એક અભ્યાસ કહે છે કે ઇ-સિગરેટ ધુમ્રપાન છોડાવવામાં અસરકારક છે. ઈંગ્લેંડમાં એક વર્ષ સુધી ચાલેલા એક પરીક્ષણથી જાણવા મળ્યું છે કે ઇ સિગરેટ પેચ અથવા ધુમ્રપાન બંધ કરવા માટે ગુંદર જેવા ઉત્પાદનોથી લગભગ બેગણી સફ્ફતા મફી હતી.

આ જાહેર સ્વાસ્થ્યમાં સૌથી અગત્યના જવાબ વિનાના સવાલોમાંથી એક છેઃ શું ઇ સિગરેટ ખરેખર ધુમ્રપાન છોડવામાં મદદ કરે છે? હવે પહેલુ મજબૂત મૂલ્યાંકન એક સ્પષ્ટ જવાબ આપે છેઃ હા.

બુધવારે ન્યુ ઇંગ્લેંડ જર્નલ ઓફ મેડીસિનમાં પ્રકાશિત અભ્યાસમાં જણાયું છે કે ધુમ્રપાન છોડવા માટે પારંપારીક નિકોટીનના બદલે અન્ય પેદાશો જેમ કે પેચ અને ગુંદરી તુલનામાં ઇ-સિગરેટ લગભગ બે ગણી અસરકારક છે.

સફ્ફતાનો દર હજુ પણ ઓછો હતો – પારંપારીક સફ્ફતાનો દર હજુ પણ ઓછો હતો – પારંપારીક નિકોટીન રિપ્સેમેન્ટ ઉપચારનો ઉપયોગ કરી રહેલાની વચ્ચે ૯.૯ ટકાની તુલનામાં –સિગરેટ સમૂહની વચ્ચે ૧૮ ટકા – પરંતુ તમ્બાકુ અને નિકોટીનનો અભ્યાસ કરનારા અનેક શોધકર્તાઓએ કહ્યું કે તેમણે તેમને સ્પષ્ટ પૂરાવો આપ્યો છે જેની તેમને તપાસ હતી. આ અભ્યાસ બ્રિટનમાં હાથ ધરાયો હતો અને બ્રિટનના રાષ્ટ્રીય સ્વાસ્થ સંશોધન અને કેંસર સંશોધન સંસ્થા દ્વારા ધિરાણ આપવામાં આવ્યું હતું. -

શેમારૂએ નવા ઓટીટી પ્લેટફોર્મ 'શેમારૂમી'ની જાહેરાત કરી

shemaroo
me

અમદાવાદ : શેમારૂ એન્ટરટેઈનમેન્ટ લિમિટેડે નવા યુગના બોલિવુડ સેન્સેશન ટાયગર શ્રોફની હાજરીમાં તેના ઓટીટી (ઓવર -ધ -ટોપ) પ્લેટફોર્મ શેમારૂમી (જીરીદ્વક્ર્સિ) ની રજૂઆતની મુંબઈમાં જાહેરાત કરી છે. શેમારૂમી એ ભારતીય બજારનુ એક ઘનિષ્ઠ પ્લેટફોર્મ છે, જે બોલિવુડ, ગુજરાતી અને ભક્તિ અંગે ભારતીય વિડીયો કન્ટેન્ટ ઈચ્છતા દર્શકોને ભિન્ન પ્રકારની અને એક્સલુઝિવ સામગ્રી ઓફર કરશે અને તમામ વય જૂથોની જરૂરિયાત સંતોષશે.

શેમારૂમી તેના ચાહકોને મનગમતી સામગ્રી જોવાની તક પૂરી પાડીને દરેક ડાયલોગ તથા દરેક યાદગાર દ્રશ્ય હૃદયમાં સ્થાન ધારણ કરે ત્યાં સુધી મમળાવવાની તક પૂરી પાડશે. આ એપ્પનો ઉદ્દેશ પોતાની મૂળ ભાષામાં આરામદાયકતા અનુભવતા દેશભરના તમામ ભારતીયોની જરૂરિયાત સંતોષવાની છે અને તે વિતેલાં વર્ષોમાં તેમણે કેળવેલો મસાલા કન્ટેન્ટનો સ્વાદ પૂરો પાડશે. ગુગલ કેપીએમજી ૨૦૧૭ના અહેવાલ અનુસાર વર્ષ ૨૦૨૧ સુધીમાં ભારતના ઈન્ટરનેટ વાપરનારા લોકોમાં ભારતીય ભાષાઓમાં સામગ્રી ઈચ્છતા લોકો ૭૫ ટકા જેટલા હશે. (૧૯-૧)

હોન્ડાએ અમદાવાદમાં શાળાનાં બાળકો માટે

રાષ્ટ્રીય માર્ગ સલામતી જાગૃત અભિયાનનું આયોજન કર્યું

The Power of Dreams

અમદાવાદ, હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે એનું રાષ્ટ્રવ્યાપી માર્ગ સલામતી જાગૃતિ અભિયાનનું આયોજન અમદાવાદમાં થયું હતું. આ ઈવેન્ટનું આયોજન શહેરમાં શિવઆશિષ સ્કૂલ, ભાવિન વિદ્યાવિહાર અને આર એચ કાપડિયા ન્યૂ હાઈ સ્કૂલમાં થયું હતું.

ચાલુ વર્ષે જાન્યુઆરીમાં શરૂ થયેલું રાષ્ટ્રીય માર્ગ સલામતી જાગૃતિ અભિયાન હોન્ડાની સીએસઆર પ્રતિબદ્ધતા હેઠળ વિશિષ્ટ પહેલ છે, જેનો ઉદ્દેશ શાળાનાં કિશોર અને કોલેજનાં યુવાન વિદ્યાર્થીઓને માર્ગ સલામતીનાં વપરાશ અને રીતો પર જાગૃત કરવાનો છે. અત્યાર સુધી હોન્ડાએ ૧૫ શહેરોમાં ૧૭ શાળાઓનાં ૨૮,૦૦૦ વિદ્યાર્થીઓને જાગૃત કર્યા છે. આ જાગૃતિ અભિયાન દર મહિને જુદાં જુદાં શહેરોમાં ૧૦ શાળાઓનાં ૧૫,૦૦૦ કિશોરો અને પુખ્તો વચ્ચે જાગૃતિ લાવવા માંગે છે.

હોન્ડા ૨વ્હીલર્સ ઈન્ડિયાની ૩-દિવસની પહેલ અમદાવાદમાં શિવ આશિષ સ્કૂલ, ભાવિન વિદ્યાવિહાર અને આર એચ કાપડિયા ન્યૂ હાઇ સ્કૂલ યોજાઈ હતી, જેમાં 'દરેક માટે સલામતી'નાં આદર્શ હેઠળ ૨૧૦૦થી વધારે બાળકોને માર્ગ સલામતી અંગે જાગૃત કરવામાં આવ્યાં હતાં.

આ પહેલ પર હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડનાં બ્રાન્ડ એન્ડ કમ્યુનિકેશનનાં વાઈસ પ્રેસિડન્ટ શ્રી પ્રભુ નાગરાજે કહ્યું હતું કે, "ભારતમાં દર વર્ષે માર્ગ અકસ્માતોમાં ૧.૪૭ લાખથી વધારે લોકો જીવ ગુમાવે છે. જવાબદાર ટૂ-વ્હીલર ઉત્પાદક તરીકે હોન્ડા માર્ગ સલામતી પ્રત્યે સંપૂર્ણપણે કટિબદ્ધ છે અને આ રાષ્ટ્રીય માર્ગ સલામતી જાગૃતિ અભિયાન મારફતે અમારો ઉદ્દેશ નાની વયે બાળકોને માર્ગ સલામતી અંગે જાણકારી આપવાનો છે, જેથી તેઓ ભવિષ્યમાં જવાબદાર ચાલકો અને ભવિષ્યમાં રોડ યુઝર બનશે." (૧)

માનવભક્ષી દીપડાએ બાળકનો શિકાર કરતા ખળભળાટ

મહુવા, ભાવનગર જિલ્લાના બગદાણાના માલપર ખાતે એક દીપડાએ બાળકનો શિકાર કર્યાની ઘટના સામે આવી છે. તાજેતરમાં ભાવનગર જિલ્લામાં આવા બે-ચાર બનાવો સામે આવ્યા છે. આ કેસમાં નેસડામાં ઊંઘી રહેલા બાળકને દીપડો ઉઠાવી ગયો હતો અને તેને ખાઈ ગયો હતો.

આ અંગે મળતી માહિતી પ્રમાણે વહેલી સવારે ચાર વાગ્યાની આસપાસ પરિવારને પોતાનું બાળક ગુમ થયું હોવાની માહિતી મળી હતી. બાળકના પિતાએ જણાવ્યું હતું કે સવારે ચાર વાગ્યાની આસપાસ તેના ફળિયામાં બાંધેલી ગાયો અચાનક ભડકી હતી. આ અંગે તપાસ કરવા જતાં તેનો પુત્ર ગુમ હોવાની માહિતી મળી હતી. શોધખોળ કરવામાં આવતા નજીકમાંથી બાળકનો હાથ-પગ વગરનો મૃતદેહ મળી આવ્યો હતો.

મોતનો આંકડો વધીને ૬૦ ઉપર પહોંચી ગયો

સ્વાઈન ફ્લુનો ભય હજુય યથાવત ૮૯ નવા કેસો સપાટી પર આવ્યા

રાજ્યમાં સ્વાઈન ફ્લુના મામલાની સંખ્યા તીવ્રગતિએ વધીને હવે ૧૬૦૫ થઈ : ૫૭૯થી પણ વધારે દર્દીઓ હજુય સારવાર હેઠળ હોવાની માહિતી



અમદાવાદ, ગુજરાતમાં સ્વાઈન ફ્લુનો કાળો કેર આજે પણ યથાવત રહ્યો હતો. સ્વાઈન ફ્લુના કારણે મોતનો આંકડો આજે વધીને ૬૦ ઉપર પહોંચી ગયો હતો. આજે વધુ બે લોકોના મોત થયા હતા અને ૮૯ નવા કેસ સપાટી ઉપર આવ્યા હતા. એક જ દિવસમાં ૮૯ નવા કેસની સાથે જ ખળભળાટ મચી ગયો છે. ૪૪ દિવસના ગાળામાં જ સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધીને ૧૬૦૫ ઉપર પહોંચી હતી જ્યારે મોતનો આંકડો ૬૦ ઉપર પહોંચી ગયો હતો. આ વર્ષે સ્વાઈન ફ્લુના કારણે લોકોની હાલત કફોડી બનેલ છે. પહેલી જાન્યુઆરી બાદથી રાજ્યમાં સ્વાઈન ફ્લુના પોઝિટિવ દર્દીઓની સંખ્યા આજે વધીને ૧૬.૫ થઇ છે જયારે ૮૭૯ દર્દીઓને યોગ્ય સારવાર આપવામાં આવ્યા બાદ રજા આપી દેવામાં આવી છે. ૫૭૯ દર્દીઓ હજુ સારવાર હેઠળ છે. ભારત સરકાર દ્વારા પણ સ્વાઈન ફ્લુને લઇને આંકડા જારી કરવામાં આવ્યા છે. છેલ્લા ૪૩ દિવસના ગાળામાં દેશભરમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૯૪૦૦ સુધી પહોંચી ચુકી છે. ૩૧૨થી વધુ લોકોના મોત થઇ ચુક્યા છે. દર્દીઓના મામલામાં રાજસ્થાન પ્રથમ ક્રમે છે. રાજસ્થાનમાં હજુ સુધી મોતનો આંકડો ૧૦૭ ઉપર પહોંચ્યો છે. ગુજરાતમાં કુલ દર્દીઓની સંખ્યા ૧૬૦૫ થઇ છે. આમાથી મોતનો આંકડો ૬૦ ઉપર પહોંચ્યો છે. જાન્યુઆરી મહિનામાં સ્વાઈન ફ્લુથી દર્દીઓના કેસ એકાએક વધ્યા હતા. ફેબ્રુઆરી મહિનામાં સ્વાઈન ફ્લુએ વધુ વિનાશક રુપ ધારણ કર્યું હતું. સારવાર હેઠળ રહેલા દર્દીઓની સંખ્યામાં પણ રોકેટગતિએ વધારો થઈ રહ્યો છે. ૫૭૯ લોકો હજુ પણ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. સ્વાઈન ફ્લુનો આતંક યથાવત રીતે જારી રહેતા હવે સ્કુલ અને કોલેજો માટે પણ આરોગ્ય ચેતવણી જારી કરાઈ છે. અમદાવાદ, રાજકોટ, વડોદરા અને અન્યત્ર વિસ્તારોમાં સ્વાઈન ફ્લુનો આતંક વધારે જોવા મળ્યો છે. એકલા રાજકોટમાં પહેલી જાન્યુઆરી બાદથી જ સ્વાઈન ફ્લુથી મોતનો આંકડો ૩૬થી વધુ થઇ ગયો છે જયારે કચ્છમાં મોતનો આંકડો સત્તાવાર રીતે જાણી શકાયો નથી. આંકડાઓ મુજબ ગુજરાતમાં સ્વાઈન ફ્લુના દરરોજ ૩૨ નવા કેસ બની રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં સૌથી વધુ કેસો નોંધાઈ રહ્યા છે. સ્વાઈન ફ્લુના રોગચાળાને રોકવા માટે સરકારી સ્કુલોમાં રહેલા શિક્ષકોને પણ લક્ષણો પર ધ્યાન રાખવા માટે કહેવામાં આવ્યું છે. સ્વાઈન ફ્લૂથી બચવા માટે તંત્ર દ્વારા અલગ વ્યવસ્થા અમદાવાદ સહિતના મહાનગરપાલિકા વિસ્તારમાં જુદી જુદી હોસ્પિટલમાં કરવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા તમામ સરકારી હોસ્પિટલોમાં આઈસોલેશન વોર્ડ શરૂ કરવા સાથે દર્દીઓને વિના મૂલ્ય સારવાર આપવામાં આવી રહી છે.

કલ્પના કરશો તો જણાશે કે ભવિષ્ય પડકારજનક છે, પરંતુ નવા અને પરિવર્તનકારી ઈનોવેશનને સ્થાન આપવું જરૂરી છેઃ ડો. રાજીવ મોદી

GTU INNOVATION COUNCIL

અમદાવાદઃ ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી ઈનોવેશન કાઉન્સિલે આજે પર્યાવરણ મંદિર, નરોડા, અમદાવાદ ખાતે વાર્ષિક ઈનોવેશન સંકુલ ડે મનાવ્યો હતો અને નોંધપાત્ર પ્રદાન કરનાર ઈનોવેટર્સ અને સ્ટાર્ટ-અપ્સનું બહુમાન કર્યું હતું. આ સમારંભમાં શ્રી ક્રીસ ગોપાલક્રિષ્નન (ઈન્ફોસિસના ભૂતપૂર્વ વાઈસ ચેરમેન અને એક્સીલોર વેન્ચર્સના ચેરમેન) આ સમારંભના મુખ્ય મહેમાન હતા. ડો. રાજીવ મોદી (કેડીલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના ચેરમેન અને એમડી) આ સમારંભના માનવંતા મહેમાન હતા.

જીટીયુની ૫૦૦ થી વધુ કોલેજોના લાભાર્થીઓને પ્રેરણા પૂરી પાડતા અને ઈનોવેશનની નવી વ્યાખ્યા વ્યક્ત કરતા ડો. રાજીવ મોદીએ જણાવ્યું કે "આપણે સૌ વૈશ્વિક ઈનોવેશન નેટવર્કનો હિસ્સો છીએ. જૂના વિચારોને તથા ભૂતકાળથી ચાલી આવતી પધ્ધતિને ત્યજી દેવાથી ઈનોવેશનની પ્રક્રિયાની શરૂઆત થાય છે. ભવિષ્ય અંગે વિચાર કરીએ ત્યારે તે પડકારજનક લાગે છે, પરંતુ આપણે નવા અને પરિવર્તનકારી ઈનોવેશન માટે સ્થાન ઉભુ કરવું જરૂરી છે. ૧.૨ અબજની વસતિ ધરાવતા ભારતમાં નોકરીઓ અને આવકના અન્ય સાધનોની તાતી જરૂર છે. આ સ્થિતિમાં યુવાન અને ધગશ ધરાવતા લોકોના હાથમાં ભવિષ્ય છે અને તે ચોક્કસ ઉદ્દેશથી પરિવર્તન લાવી શકશે." (૧૯-૧)

એજ્યુકેટર્સ એવૉર્ડ વિતરણ કાર્યક્રમ શંકુઝ ડિવાઈન ચાઈલ્ડ સ્કૂલમાં યોજાયો

'ધ ઑપન પેજ'ના પાંચમા એજ્યુકેટર્સ એવૉર્ડ વિતરણનો કાર્યક્રમ બીજી ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ શંકુઝ ડિવાઈન ચાઈલ્ડ સ્કૂલ ખાતે યોજાઈ ગયો. તેને ભારે સફળતા મળી હતી. છ અનુભવી લોકોનું સન્માન કરવામાં આવ્યું અને અલગ-અલગ શ્રેણીઓમાં ૧૨ એવૉર્ડ આપવામાં આવયા હતા. શિક્ષણનાં અલગ-અલગ ક્ષેત્રોમાં એજ્યુકેટર્સ એવૉર્ડના નવ મશાલચીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

૧૮ વર્ષની આ યાત્રામાં, શિક્ષણના વિવિધ પાસામાં શિક્ષણવિદો દ્વારા હાથ ધરવામાં આવેલું કુશળ કામ પ્રકાશમાં આવ્યું. આ શિક્ષણવિદો જેઓ ગુણવત્તા સુધારવા નિઃસ્વાર્થ રીતે અથક કામ કરી રહ્યા છે તેમની કદર નહોતી થતી કે પ્રોત્સાહિત કરાતા નહોતા. આ વર્ષે એવૉર્ડની યજમાન શાળા શંકુઝ ડિવાઈન ચાઈલ્ડ સ્કૂલ હતી. તે મહેસાણા ખાતે સુવિખ્યાત શિક્ષણ સંસ્થા છે. પરિવર્તન પાછળનો વિચાર એ છે કે આ એવૉર્ડ લોકપ્રિય બને અને વધુ અને વધુ શિક્ષણવિદો નામાંકન કરવા પ્રેરાય અને તેમનું કામ દર્શાવે. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી ગૌરીશંકર ગુપ્ત, ભારતના પૂર્વ ઉચ્ચાયુક્ત હતા અને આંતરરાષ્ટ્રીય સન્માનનીય અતિથિ શ્રી બર્નાર્ડ ઑંગ હતા, જેઓ સિંગાપોર ખાતે મેનેજમેન્ટ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટના નિર્દેશક છે. તેમની આ એનજીઓ યુવાન મેનેજરોના શૈક્ષણિક અને વ્યાવસાયિક વિકાસમાં વિશેષતા ધરાવેછે. આ કાર્યક્રમમાં કેટલાક વિશેષ અતિથિઓ પણ હતા-સત્વ વિકાસ સ્કૂલના અધ્યક્ષ શ્રી રાજા પાઠક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બૉર્ડના પૂર્વ અધ્યક્ષ શ્રી હસમુખ હિંગુ, ડિવાઈન ચાઈલ્ડ ગ્રૂપ ઑફ સ્કૂલ્સનાં સ્થાપક શ્રીમતી આનંદીબહેન ચૌધરી, શંકુઝ ડિવાઈન ચાઈલ્ડ સ્કૂલના નિર્દેશક શ્રી કે. એમ. ચેરિયન, વાઈબ્રન્ટ એકેડેમી, સુરતના અધ્યક્ષ તથા ઑલ ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ્સના પ્રમુખ શ્રી દીપક રાજગુરુ.

પતિ-પત્ની, બે યુવકોએ દંડાના ફટકા મારતા મોત

સામાન્ય બોલાચાલીમાં વૃદ્ધની હત્યા કરાઈ

અમદાવાદ, શહેરના જૂના વાડજ વિસ્તારમાં સામાન્ય બાબતે ગઈકાલે રાત્રે એક વૃદ્ધની હત્યા થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. આરોપીઓએ વૃદ્ધને ડંડા વડે ફટકારતાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા પરંતુ સારવાર દરમિયાન તેમનું કરૂણ મોત નીપજતાં સમગ્રગ મામલો ગરમાયો હતો. વાડજ પોલીસે સમગ્ર બનાવ અંગે જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી અને આરોપીઓની ધરપકડ માટેના ચક્રો ગતિમાન કર્યા હતા. આ અંગ પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના જૂના વાડજ વિસ્તારમાં આવેલ તુલસીનગર સોસાયટી સામે રહેતા વિવેકાનંદ બડઘાએ વાડજ પોલીસ સ્ટેશનમાં સંજય ચૌહાણ અને તેની પત્ની ભાવના ચૌહાણ, જીતુ ચૌહાણ અને અમિત વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં કરાયેલા આક્ષેપ પ્રમાણે, પિતાજી નાથાભાઈ બડઘા તેમજ પરિવારના સભ્યો ગઈકાલે ઘરે હાજર હતા. ઘરપરિવારમાં માતાજીનું નૈવેદ્ય રાખ્યું હતું.

માતાજીના નૈવેદ્યનું કામ પૂરું થતાં નાથાભાઈ ઘરની બહાર બેઠા હતા ત્યારે ગઈકાલ રાત્રે તેમના ઘરની બહાર પતિ-પત્ની અને બે યુવક અંદરોઅંદર ગાળો બોલતાં હતાં અને ત્રણેય યુવકોના હાથમાં ડંડા હતા. તે સમયે નાથાભાઈએ ચારેયને ગાળો બોલવાની ના પાડી હતી. નાથાભાઈએ ઠપકો આપતાં પતિ-પત્ની અને બે યુવક ઉશ્કેરાયાં હતાં અને જાહેરમાં બીભત્સ ગાળો બોલીને મારામારી શરૂ કરી હતી. તેમણે નાથાભાઈ પર ડંડા અને ફેંટથી હુમલો કર્યો હતો, જેમાં તે ગંભીર રીતે ઘાયલ થયા હતા. થોડી વાર પછી ચારેય ભેગા મળીને ઈંટો મારીને ભાગી ગયા હતા. નાથાભાઈએ બૂમાબૂમ કરતાં પરિવારના સભ્યો તેમજ લોકોનું ટોળું એકત્ર થયું હતું. જેને પગલે હુમલો કરનાર યુવકો અને મહિલા ત્યાંથી નાસી ગયાં હતાં. લોકોએ ઈજાગ્રસ્ત નાથાભાઈને હોસ્પિટલમાં ખસેડયા હતા. જો કે, તેમનું સારવાર દરમ્યાન કરૂણ મોત નીપજતાં વિવાદ વકર્યો હતો. બીજીબાજુ, મૃતકના પુત્રએ વાડજ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેને લઈ પોલીસે સઘન તપાસ આરંભી છે.

કમિશનર પાસે મળવા માટે ૩૦ મિનિટનો સમય માંગ્યો હતો

સફાઈ કામદારોનું હલ્લાબોલ, લોહી કાઢી બોટલ ભરી વિરોધ પ્રદર્શન

સફાઈ કામદારોએ રેલી કાઢી પોતાનું લોહી કાઢી બોટલ મનપા કમિશનરને આપવા હલ્લાબોલ કર્યું હતું

રાજકોટ, રાજકોટમાં છેલ્લા ૨૫ વર્ષથી સફાઈ કામદારોની ભરતી કરવામાં આવી નથી. તેમજ વિવિધ પ્રશ્નોને લઈને સફાઈ કામદારો છેલ્લા બે દિવસથી કોર્પોરેશનમાં છાવણી નાખી વિરોધ કરી રહ્યા છે. ગુરૂવારે સફાઈ કામદારોએ રેલી કાઢી પોતાનું લોહી કાઢી બોટલ મનપા કમિશનર બંછાનિધી પાનીને આપવા હલ્લાબોલ કર્યું હતું. કમિશનર પાસે મળવા માટે ૩૦ મિનિટનો સમય માંગ્યો હતો. જો નહીં મળે તો કમિશનરના બંગલે અને સીએમના બંગલે જવાની ચિમકી ઉચ્ચારી છે.

સફાઈ કામદારો આજે ફરજથી અળગા રહેશે અને વિરોધ કરશે. વાલ્મિકી સમાજના આગેવાને જણાવ્યું હતું કે, જો પાની સાહેબ આજની તારીખમાં બહાર નહીં આવે અથવા તો અંદર નહીં બોલાવે તો અમે બધા લોહીની બોટલ સાથે તેના બંગલે જઈશું બાદમાં સીએમના બંગલે જઈશું.